આદર્શ નિવાસી શાળા(વિ.જા.),મોરબીના મકાન બાંધકામની સુધારેલી વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૦/૩૩૭૩/ન.બા./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૫/૧૨/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) સરખા ક્રમનો આ વિભાગનો તા.૦૨/૦૪/૨૦૧૧ તથા તા.૩૧/૦૬/૨૦૧૧ નો ઠરાવ

(૨) સરખા ક્રમનો આ વિભાગનો તા.૧૦/૦૧/૨૦૧૨નો ઠરાવ

(૩) માર્ગ અને મકાન વિભાગનો તા.૨૮/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંકઃ બીડીજી/૫૪/૨૦૧૧/૧૩૫૧ /ન

**સુધારા ઠરાવઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે અને આ જાતિના બાળકો શિક્ષણ મેળવી શકે તે હેતુસર સરકારશ્રી દ્વારા આ જાતિના બાળકો માટેની આદર્શ નિવાસી શાળાઓ ચલાવવમાં આવે છે. વંચાણે લીધેલા ક્રમાંક (૧)ના ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આદર્શ નિવાસી શાળા(વિ.જા.) વડોદરા, સાવલી, વઢવાણ તેમજ અગરિયાની આદર્શ નિવાસી શાળા(વિ.જા.) મોરબીના મકાનોના બાંધકામ માટેની કુલ રૂ.૮૬૦.૦૦(અંકે રૂપિયા આઠસો સાંઈઠ લાખ પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨)ના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (વિ.જા) સાવલીની વહીવટી મંજુરી રદ કરવામાં આવી હતી. અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો માટેની આદર્શ નિવાસી શાળાઓ(વિ.જા.), વડોદરા, વઢવાણ, તેમજ અગરિયાની આદર્શ નિવાસી શાળા(વિ.જા.)મોરબીના મકાન બાંધકામ માટે દરેક આદર્શ નિવાસી શાળા દીઠ કુલ રૂ. ૭૧૨.૦૦ લાખના અંદાજના આશરે ૩૦ ટકા લેખે રૂ.૨૧૫.૦૦ લાખ મુજબ રૂ.૬૪૫.૦૦ લાખની નવી બાબતની વંચાણે લીધેલા ક્રમાંક(૨) પરના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. આમ દરેક આદર્શ નિવાસી શાળાઓ માટે રૂ.૨૧૫.૦૦ લાખની મંજુરી આપેલ હતી. તે પૈકી વંચાણે લીધેલા ક્રમાંક(૩)ના પત્રથી માર્ગ અને મકાન વિભાગે અગરિયાની આદર્શ નિવાસી શાળા (વિ.જા.) મોરબીના મકાન બાંધકામ માટે

રૂ.૯,૮૬,૩૨,૬૪૧.૨૯/-(અંકે રૂપિયા નવ કરોડ છ્યાસી લાખ બત્રીસ હજાર છસો એકતાલીસ પુરા)ની રકમની સુધારેલ વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે અગરિયાની આદર્શ નિવાસી શાળા(વિ.જા.) મોરબીના મકાન બાંધકામ માટે રૂ.૯,૮૬,૩૨,૬૪૧.૨૯/- (અંકે રૂપિયા નવ કરોડ છ્યાસી લાખ બત્રીસ હજાર છસો એકતાલીસ પુરા) રકમની સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક(૧)ના તા.૦૨/૦૪/૨૦૧૧ના ઠરાવની અન્ય શરતોને યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના માંગણી નં-૮૪, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૪૨ મકાનો, હેતુ સદર- ૫૩૦૦ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૧૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ